ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના ૧૮૬૩

નવસારી-વલસાડ-વાપી

	મહત્તમ	લઘુત્તમ
નવસારી	૩૫.૦° સે.	૨૪.૦° સે.
આહવા	૩૩.૦° સે.	૨૧.૦° સે.
વલસાડ	૩૪.૦° સે.	૨૫.૦° સે.
વાપી	૩૪.૦° સે.	૨૫.૦° સે.

ચીખલી તાલુકામાં સામી દિવાળીએ પુરવઠા વિભાગની નોટિસથી હાહાકાર

ચીખલીના ૨૨૦૦ પરિવારને અનાજની ચિંતા

શ્રમજીવીઓ અને ગરીબ પરિવારોને પણ વધુ આવક/જમીનનું કારણ ધરી નોટિસ ફટકારી

ચેજ : ચીખલી તાલુકામાં પુરવઠા વિભાગ દ્વારા સામી દિવાળીએ ૨૨૦૦ થી વધુ રેશનકાર્ડ ધારકોને વધુ જમીન કે આવકનું કારણ દર્શાવીને એનએફએસએ (NFSA) માંથી નોન-એનએફએસએ (NON-NFSA) કરવા માટે નોટિસ ફટકારવામાં આવી છે. આ નોટિસમાં આધાર-પુરાવા સાથે ખુલાસો માંગવામાં આવતા લોકોમાં ભારે રોષ ફેલાઈ જવા પામ્યો છે. ખાસ કરીને કેટલાક સાચા શ્રમજીવી અને ગરીબ પરિવારોને પણ આ પ્રકારની નોટિસો મળતા પુરવઠા વિભાગની કામગીરી સામે અનેક સવાલો ઉભા થયા છે.

રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ અન્વયે સરકારમાંથી મળેલા ડેટાના આધારે આ નોટિસો પાઠવવામાં આવી છે. જેમાં સરકારી અનાજનો લાભ પ્રવર્તમાન ઠરાવનો ભંગ કરીને મેળવ્યો હોવાનું જણાવીને કાયદાકીય કે ફોજદારી કાર્યવાહી કરવાની ગર્ભિત ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

આ સંદર્ભમાં ચીખલી પુરવઠા શાખા દ્વારા આઈટી રિટર્ન ફાઈલ, વ્યવસાય વેરાની નકલ, ફોર્મ-૧૬, ૭/૧૨ અને ૮-અ ની નકલ, ફોર વ્હીલરની આરસીબુક, પાનકાર્ડ, બેંક પાસબુક, ઘરવેરાની પહોંચ અને લાઇટબિલ સહિતના દસ્તાવેજી પુરાવા રજૂ કરવા આદેશ કરાયો છે. જો નિયત સમયમાં લેખિત ખુલાસો ન કરાય તો એકતરફી નિર્ણય લઈને રેશનકાર્ડ નોન-એનએફએસએમાં તબદીલ કરવાની ચીમકી અપાઈ છે.સામી દિવાળીએ તંત્ર દ્વારા આવી નોટિસો અપાતા મજૂરી કરીને ગુજરાન ચલાવતા અને જમીન ન ધરાવતા પરિવારો મુશ્કેલીમાં મુકાયા છે. આવા અનેક પરિવારો પાનકાર્ડ કે આઈટી રિટર્ન વિશે અજાણ હોવા છતાં તેમને નોટિસ અપાતા તેઓ વગર વાંકે કચેરીના ધક્કા ખાવા મજબૂર બન્યા છે. સ્થાનિકોની માંગ છે કે ખરેખર વધુ આવક ધરાવતા લોકો સામે જ કાર્યવાહી થવી જોઈએ.

અમને કંઇ રીતે નોટિસ આપવામાં આવી તે સમજાતું નથી

ફડવેલ ગામના રેશનકાર્ડ ધારક મંગુભાઈ જીવલાભાઈ હળપતિના જણાવ્યાનુસાર અમારા પરિવારને પણ અનાજ બંધ કરવાની નોટિસ મળી છે પરંતુ અમે દરરોજનું કમાઈ દરરોજનું ખાઈએ છીએ. અમારી પાસે જમીન પણ નથી અમે મજૂરી કરી જીવન ગુજરીએ છીએ ત્યારે અમને કઇ રીતે નોટિસ આપવામાં આવી તે સમજાતું નથી.

અલગ રહેતા પરિવારો માટે રેશનકાર્ડ વિભાજન જ એકમાત્ર વિકલ્પ

ગત વર્ષે પણ એક્સપ્રેસ વે માં વળતર મેળવનાર પરિવારોને પણ નોટિસ આપવામાં આવી હતી. આ વખતે ઇન્કમટેક્સ રિટર્ન્સ ફાઇલ અને ખાનગી સેક્ટરમાં નોકરી કરતા હોય અને પીએફ કપાતું હોય તેવા પરિવારોને નોટિસ પાઠવવામાં આવી હોવાનું જાણવા મળ્યું હતું. જોકે કેટલાય પરિવારોના રેશનકાર્ડ સંયુક્ત નામે ચાલતા હોય છે. પરંતુ હકીકતમાં અલગ રહેતા હોય છે. તેવામાં કોઈ એક વ્યક્તિ કમાનાર હોય ત્યારે તેના લીધે તેમના પરિવારના જરૂરિયાત મંદ સભ્યો પણ લાભથી વંચિત રહી જાય તેવી સ્થિતિ ઊભી થવા પામી છે તેવા સંજોગોમાં આવા પરિવારો માટે રેશનકાર્ડ વિભાજનનો વિકલ્પ રહેતો હોય છે.

આ કારણસર નોટિસ આપવામાં આવે છે

સુરત : ચકાસણીમાં કોઈ પરિવાર અપાત્ર જણાય તો તેને NFSA હેઠળ મળતા રાહતદરના અનાજના લાભમાંથી બહાર કરીને નોન-NFSA શ્રેણીમાં મૂકવાની કાર્યવાહી થઈ શકે છે. પરંતુ નોટિસ મળવાથી જ પરિવાર અપાત્ર સાબિત થતો નથી. ગુજરાતના અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીએ પણ પાત્રતા ધરાવતા પરિવારોના NFSA કાર્ડ રદ નહીં થાય અને જરૂરી પુરાવા રજૂ કરવાની તક મળશે એવું અગાઉ જણાવ્યું હતું.

દિવાળી ટાણે તિથલ બીચનો વોક વે રોશનીથી ઝળહળ્યો



- વલસાડના પ્રખ્યાત તિથલ બીચ પર સહેલાણીઓની સુવિધા માટે વોક વે બનાવવામાં આવ્યો છે. આ વોક વે પર અગાઉ લાઇટના થાંભલાઓ નાખી દેવામાં આવ્યા હતા, પરંતુ લાંબા સમય સુધી લાઇટો ચાલુ થઈ ન હતી. પરિણામે, શરદ પૂર્ણિમા જેવા મહત્વના તહેવારમાં પણ અંધારપટ રહેતા પ્રવાસીઓને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. આ ગંભીર બેદરકારી સામે લોકહિતને ધ્યાનમાં રાખીને 'ગુજરાતમિત્ર' દૈનિકે અવાજ ઉઠાવ્યો હતો અને અહેવાલ પ્રકાશિત કર્યો હતો. અખબારના આ અહેવાલની સકારાત્મક અસર જોવા મળી છે અને તંત્ર હરકતમાં આવ્યું છે. પરિણામે, દિવાળીના તહેવાર પહેલા જ વોક વે પર લાઇટો ચાલુ કરી દેવામાં આવી છે, જેનાથી સહેલાણીઓમાં ભારે ખુશી જોવા મળી રહી છે.

તિથલમાં શરદ પૂનમ અને ચંદી પડવા પર સ્ટ્રીટ લાઇટો બંધ



વલસાડના પ્રખ્યાત તિથલ બીચ પર સહેલાણીઓની સુવિધા માટે વોક વે બનાવવામાં આવ્યો છે. આ વોક વે પર અગાઉ લાઇટના થાંભલાઓ નાખી દેવામાં આવ્યા હતા, પરંતુ લાંબા સમય સુધી લાઇટો ચાલુ થઈ ન હતી. પરિણામે, શરદ પૂર્ણિમા જેવા મહત્વના તહેવારમાં પણ અંધારપટ રહેતા પ્રવાસીઓને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. આ ગંભીર બેદરકારી સામે લોકહિતને ધ્યાનમાં રાખીને 'ગુજરાતમિત્ર' દૈનિકે અવાજ ઉઠાવ્યો હતો અને અહેવાલ પ્રકાશિત કર્યો હતો. અખબારના આ અહેવાલની સકારાત્મક અસર જોવા મળી છે અને તંત્ર હરકતમાં આવ્યું છે. પરિણામે, દિવાળીના તહેવાર પહેલા જ વોક વે પર લાઇટો ચાલુ કરી દેવામાં આવી છે, જેનાથી સહેલાણીઓમાં ભારે ખુશી જોવા મળી રહી છે.

તિથલમાં શરદ પૂનમ અને ચંદી પડવા પર સ્ટ્રીટ લાઇટો બંધ

વલસાડના તિથલ ખાતે શ પૂનમ અને ચંદી પડવા રાત્રે સ્ટ્રીટ લાઇટો બંધ જે મળી હતી. આ મહત્ત્વ તહેવારો દરમિયાન મો સંખ્યામાં ઉમટેલા લો અંધારામાં રઝળતા ભ નારાજગી ફેલાઈ હ સ્થાનિક લોકોના જણાવ મુજબ, તાજેતરમાં જ અ નવી લાઇટો લગાવવા આવી હોવા છતાં પ્રકારની અસુવિધા સર્જ છે, જે જનતાની લાગ સાથે રેડા સમાન તંત્રની આ લાપરવાહી સ પ્રવાસીઓ અને નાગરિકો ભારે આક્રોશ જોવા મળ્યો

ગુરુવાર તારીખ 29 ઓક્ટોબરે છપાયેલો અહેવાલ

શિયાળુ પાકના વાવેતર પહેલાં જ ખેડૂતોને છેતરપિંડીનો ડર!

નવસારી જિલ્લામાં નકલી અને અમાન્ય ખેતીવાડી સામગ્રીના વેચાણની શક્યતા સામે ચેતવણી

પાકું બિલ લીધા વિના ખરીદી ન કરવા ખેડૂતોને અનુરોધ

નવસારી : શિયાળુ વાવેતરની તૈયારીઓ વચ્ચે નવસારી જિલ્લાના ખેડૂતોને બિયારણ, ખાતર અને જંતુનાશક દવાઓની ખરીદીમાં સાવચેત રહેવા તંત્ર દ્વારા અપીલ કરવામાં આવી છે. ખેતી માટે જરૂરી સામગ્રી ખરીદતી વખતે ખેડૂતો છેતરપિંડીનો ભોગ ન બને અને નબળી ગુણવત્તા કે અમાન્ય સામગ્રીને કારણે પાકને નુકસાન ન થાય તે માટે વિશેષ તકેદારી રાખવા જણાવાયું છે.

ખેડૂતોની આખા વર્ષની મહેનત અને આર્થિક આયોજન પાક પર નિર્ભર હોય છે. આવી સ્થિતિમાં બિયારણની ગુણવત્તા, ખાતરની યોગ્યતા અને જંતુનાશક દવાઓની વિશ્વસનીયતા અંગે બેદરકારી ભારે પડી શકે છે. તેથી માત્ર અધિકૃત લાયસન્સ ધરાવતા સહકારી મંડળો, સરકારી સંસ્થાઓ અથવા ખાનગી વિક્રેતાઓ પાસેથી જ ખેતીવાડી સામગ્રી ખરીદવા સૂચના આપવામાં આવી છે. પરવાનો ન ધરાવતા વેપારીઓ કે ફેરિયાઓ પાસેથી ખરીદી કરવાનું ટાળવા પણ જણાવાયું છે.

ખરીદી દરમિયાન માત્ર વેપારીની વાત પર ભરોસો રાખવાને બદલે લાયસન્સ નંબર, નામ, સરનામું, સામગ્રીનું નામ અને લોટ નંબર જેવી વિગતો ધરાવતું સહીવાળું પાકું બિલ મેળવવું જરૂરી છે.

મુદત પૂરી થઈ ગયેલી સામગ્રી ખરીદવાથી પણ દૂર રહેવું જોઈએ. બિયારણ, ખાતર અને જંતુનાશક દવાઓનો ઉપયોગ વૈજ્ઞાનિક ભલામણ મુજબ જ કરવો જોઈએ. જિલ્લામાં અનધિકૃત રીતે અથવા ભળતા નામે અમાન્ય બિયારણ, ખાતર કે જંતુનાશક દવાઓનું વેચાણ થતું જણાય તો સંબંધિત ખેતીવાડી અધિકારી અથવા નાયબ ખેતી નિયામક (વિસ્તરણ), નવસારીને જાણ કરવા અપીલ કરવામાં આવી છે. શિયાળુ વાવેતર પહેલાં ખેડૂતોને કરવામાં આવેલી આ અપીલ ખેતીવાડી સામગ્રીની ખરીદીમાં તકેદારીનું મહત્ત્વ દર્શાવે છે. જોકે, જિલ્લામાં નકલી સામગ્રીનું વેચાણ કેટલા પ્રમાણમાં થઈ રહ્યું છે અથવા આવા કોઈ ચોક્કસ કિસ્સા સામે આવ્યા છે કે નહીં તે અંગેની વિગતો જાહેર કરવામાં આવી નથી. ખેડૂતોના હિતમાં તંત્ર દ્વારા બજારમાં નિયમિત તપાસ અને નિયમોનું ઉલ્લંઘન કરતા વિક્રેતાઓ સામે કાર્યવાહી થાય તો ખેતીવાડી સામગ્રીની ગુણવત્તા અંગેનો વિશ્વાસ વધુ મજબૂત બની શકે છે.

ડાંગ જિલ્લામાં પાણી પુરવઠાના શ્રમિકો પગારથી વંચિત

કોન્ટ્રાક્ટરની લાપરવાહીથી શ્રમિક પરિવારો આર્થિક સંકટમાં મુકાતા કામકાજ બંધ કરવાની ચીમકી

સાપુતારા : ડાંગ જિલ્લાના પાણી પુરવઠા વિભાગમાં કોન્ટ્રાક્ટ પદ્ધતિ હેઠળ ફરજ બજાવતા ૫૦થી વધુ શ્રમિકો અને મજૂરોને છેલ્લા સાડા ત્રણ મહિનાથી પગાર ન મળતા તેમના આર્થિક પ્રશ્નો ગંભીર બન્યા છે. આ અંગે પીડિત મજૂરો દ્વારા રાજ્યના મુખ્યમંત્રી તેમજ અધિકારીઓને સામૂહિક ફરિયાદ કરી છે. મજૂરોની મુખ્ય ફરિયાદ એ છે કે તેઓ પંપ ઓપરેટર, લાઇનમેન, વાલ્વમેન અને અન્ય મજૂરીનાં કાર્યો સંભાળી રહ્યા છે, તેમ છતાં કોન્ટ્રાક્ટર દ્વારા છેલ્લા સાડા ત્રણ મહિનાથી તેમનો પગાર રોકવામાં આવ્યો છે. આ ઉપરાંત, સરકારી નિયમો અનુસાર મળવાપાત્ર લઘુતમ વેતન પણ તેમને ચૂકવવામાં આવતું નથી. લાંબા સમય સુધી મહેનતાણું ન મળવાને કારણે આ શ્રમિકો અને તેમના પરિવારોને ભારે આર્થિક મુશ્કેલીઓ અને હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. આ મામલે અગાઉ પણ રજૂઆતો કરવા છતાં કોઈ યોગ્ય ઉકેલ ન આવતા મજૂરોમાં રોષે ભરાયેલા શ્રમિકોએ ઉગ્ર ચીમકી ઉચ્ચારી છે કે, જો વહેલી તકે તેમનો બાકી પગાર ચૂકવવામાં નહીં આવે, તો શ્રીરામ એન્જિનિયરિંગ દ્વારા ચલાવવામાં આવતી તમામ જૂથોની પાણી વિતરણ યોજનાઓ બંધ કરી દેવામાં આવશે. આ સામૂહિક રજૂઆતમાં કોન્ટ્રાક્ટર સામે તાત્કાલિક તપાસ કરવા, તમામ ૫૦થી વધુ મજૂરોના સાડા ત્રણ મહિનાના બાકી પગારની ચૂકવણી કરવા, લઘુતમ વેતનની અમલવારીની ખાતરી કરવા તેમજ ભવિષ્યમાં સમયસર પગાર મળે તેવી વ્યવસ્થા કરવાની માંગ કરવામાં આવી છે. આ અરજીની નકલ શ્રમ મંત્રી, જિલ્લા કલેક્ટર, કાર્યપાલક ઈજનેર (પાણી પુરવઠા વિભાગ) તથા સંબંધિત શ્રમ અધિકારીને મોકલીને જવાબદાર એજન્સી સામે કાયદેસરની કડક કાર્યવાહીની માંગ કરાઈ છે.

માણેકપોરના યુવાનને બાઇક પર જ ખેંચ આવતા પડી જતા મોત

બીલીમોરા : ગણદેવી તાલુકાના માણેકપોર ગામમાં રહેતા દિનેશ હળપતિ (૩૦) ગઈ તા. ૧૦/૧૦/૨૦૨૬ એ સવારે સાત કલાકે પોતાની પુત્રી ક્રિષાને ગડત સ્કૂલમાં મૂકવા ગયા હતા. તે વખતે ગડત સરકારી દવાખાના પાસે દિનેશભાઈને અચાનક ખેંચ આવતા તેઓ મોટરસાયકલ પરથી નીચે પટકાયા હતા. જેથી તેમને માથા તથા ડાબા ખભે ગંભીર ઈજા પહોંચી હતી. જેની પ્રાથમિક સારવાર નવસારી સિવિલમાં કરવામાં આવી હતી અને વધુ સારવારની જરૂર હોય સુરત સિવિલમાં લઈ જવાયા હતાં. જ્યાં ગઈ તા. ૧૩/૧૦/૨૦૨૬ ને રોજ તેમનું સારવાર દરમિયાન કરુણ મોત નીપજ્યું હતું.

સંક્ષિપ્ત સમાચાર

દેહરી ગામ પંચાયત વિસ્તારમાં સફાઇ અભિયાન



ઉમરગામ : વલસાડ જિલ્લાને સ્વચ્છ અને સુંદર બનાવવા જિલ્લા કલેક્ટર નિતિન સાંગવાનના વડપણ હેઠળ દર માસના પ્રથમ રવિવારે વિશેષ સ્વચ્છતા ડ્રાઇવ કરવામાં આવી રહી છે. ઉમરગામ તાલુકાના દેહરી ગામ ખાતે રવિવારે સ્વચ્છતા અભિયાનમાં તાલુકા વિકાસ અધિકારી અનિલભાઈ વાળા તથા તાલુકા પંચાયતના કર્મચારીઓ તથા ગ્રામ પંચાયતના સરપંચ ધનેશભાઈ, ઉપસરપંચ, પંચાયતના સભ્યો, તલાટી કમ મંત્રી હંસાબેન તથા આંગણવાડી બહેનો, સફાઇ કર્મચારીઓ અને ગ્રામજનો સ્વચ્છતા અભિયાનમાં જોડાઈ નક્કી કરેલા રૂટો ઉપર સફાઇ અભિયાન હાથ ધરી નાગરિકોને પણ પોતાના ઘરો ફળિયામાં તથા આસપાસના વિસ્તારમાં સફાઇ રાખવા જાગૃત કર્યા હતા.

નવસારીમાં કડવા પાટીદાર સમાજનું ભવ્ય સ્નેહમિલન



નવસારી : શ્રી સમસ્ત કડવા પાટીદાર સમાજ, નવસારી દ્વારા BR ફાર્મ ખાતે સ્નેહમિલન અને ગરબા સંધ્યાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં નવસારી જિલ્લામાંથી ૭ હજારથી વધુ સમાજબંધુઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. કાર્યક્રમમાં મુખ્ય અધ્યક્ષ તરીકે જિલ્લા પોલીસ વડા રાહુલ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે વિશેષ મહેમાનોમાં મેયર અશોકભાઈ ધોરાજીયા, RAC જયસુખભાઈ લીખીયા, લેઉવા પાટીદાર સમાજના પ્રમુખ મધુભાઈ કથીરિયા, RTO ઇન્સ્પેક્ટર આકાશ પટેલ, દિવ્યકાંત પનારા (મુન્નાભાઈ) અને મહિલા પોલીસ ઇન્સ્પેક્ટર વિધિબેન ઉજીયા સહિતના અગ્રણીઓ જોડાયા હતા. મા ઉમિયાની આરતીથી કાર્યક્રમનો પ્રારંભ કરાયો હતો. ત્યારબાદ મહાનુભાવો, મુખ્ય દાતા રણછોડભાઈ દેત્રોજા, ગોલ્ડન-સિલ્વર દાતાઓ અને વિવિધ બીટના પ્રમુખોનું સન્માન કરવામાં આવ્યું હતું. સાંસ્કૃતિક કાર્યક્રમમાં ઝંકાર બીસ્ટના કલાકારોએ ગરબા-રાસની રમઝટ બોલાવી હતી. મોટી સંખ્યામાં સમાજબંધુઓએ ગરબે ઘૂમી ઉત્સવની મજા માણી હતી. ઉપસ્થિત પરિવારો માટે મહાપ્રસાદ અને ચા-નાસ્તાની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી. કાર્યક્રમને સફળ બનાવવા બદલ પ્રમુખ અને કોર કમિટીના સભ્યોની કામગીરીને સૌએ બિરદાવી હતી.

ડાંગ જિલ્લામાં વિકાસકામોની સમીક્ષા બેઠક



સાપુતારા : ડાંગ જિલ્લાના પ્રભારી સચિવ એમ.આઇ.પટેલના અધ્યક્ષસ્થાને કલેક્ટર કચેરી ખાતે અધિકારીઓ સાથે બેઠક યોજાઇ હતી. પ્રભારી સચિવે જિલ્લાના વિવિધ વિભાગોની કામગીરી, પ્રગતિ હેઠળના વિકાસકામો અને પ્રજાલક્ષી યોજનાઓના અમલીકરણની વિસ્તૃત માહિતી મેળવી નિર્દેશો આપ્યા હતા. સમીક્ષા દરમિયાન પાણી પુરવઠાની યોજનાઓની સ્થિતિ અને ગામડાંઓમાં પીવાના પાણીની ઉપલબ્ધતા, સિંચાઈ વિભાગ (સ્ટેટ) પાસેથી ડેમમાં ઉપલબ્ધ પાણીનો જથ્થો તથા સિંચાઈ વિભાગ (પંચાયત) દ્વારા નાના ચેક ડેમના રીસ્ટોરેશન અંગેની વિગતો, શિક્ષણ વિભાગ દ્વારા સ્થાળાંતરના પ્રશ્નો તથા ડ્રોપઆઉટ રેશિયો ઘટાડવા માટેની કામગીરી અને આઇસીડીએસની પોષણ ટ્રેકર સહિતની યોજનાઓ તેમજ મહિલા અને બાળ વિભાગ સહિત વિવિધ વિભાગોની કામગીરી અંગે સમીક્ષા કરવામાં આવી હતી. આ બેઠકમાં જિલ્લા કલેક્ટર એન.ડી. પટમાર, જિલ્લા વિકાસ અધિકારી કુલદીપસિંહ ઝાલા, જિલ્લા પોલીસ અધિક્ષક પૂજા યાદવ, સહિત વહીવટી તંત્રના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

ધરમપુરના ઝરીયા ગામેથી રૂપિયા ૨.૭૩ લાખનો વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો

ધરમપુર : ધરમપુર પોલીસ મથકના પી.આઇ. નિખિલ ભોયાના માર્ગદર્શન હેઠળ પેટ્રોલિંગ દરમિયાન પોલીસને મળેલી બાતમીના આધારે, ધરમપુરના ઝરીયા ગામના પારસી ફળિયા તરફ વોચ ગોઠવી હતી. દરમિયાન કાર આવતાં પોલીસે તેને રોકવાનો ઇશારો કર્યો હતો. જોકે, કારચાલકે કાર ઊભી રાખવાને બદલે ઝડપથી હંકારી ભાગવાનો પ્રયાસ કર્યો હતો. આ દરમિયાન કાર રસ્તાની સાઇડમાં ઉતરી ખેતરના પાળામાં ભટકાઈ હતી. પોલીસે કારમાંથી રૂપિયા ૧,૧૮,૭૦૪ની કિંમતની વિદેશી દારૂની ૪૮૦ બોટલ મળી આવી હતી. પોલીસે કારચાલક મનીષ રાજુ ખાન્યાની પૂછપરછ કરી રૂપિયા ૧.૫૦ લાખની કિંમતની સ્વિફ્ટ કાર સહિત કુલ રૂ. ૨,૭૩,૭૦૪નો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ઓડિશાના નાગરિકોએ દાંડીના ઐતિહાસિક વારસાને નિહાળ્યો

ગુજરાત ટુરિઝમના ઉપક્રમે પ્રવાસે આવેલા મહેમાનોએ સૈફી વિલા, દાંડી બીચ અને રાષ્ટ્રીય નમક સત્યાગ્રહ સ્મારકની મુલાકાત લીધી



નવસારીઃ ગુજરાત ટુરિઝમના ઉપક્રમે રાષ્ટ્રીય એકતા યાત્રાના ભાગરૂપે ઓડિશાના કાલાહાંડી, રાયગડા, બલાંગીર અને નુઆપાડા જિલ્લાના નાગરિકો દક્ષિણ ગુજરાતના પ્રવાસે આવ્યા છે. 26થી 31 ઓક્ટોબર દરમિયાન યોજાયેલા આ પ્રવાસના ત્રીજા દિવસે પ્રવાસીઓએ ઐતિહાસિક દાંડીની મુલાકાત લઈને સ્વતંત્રતા સંગ્રામના વારસાને નજીકથી જાણ્યો હતો.

પ્રવાસીઓએ દાંડી બીચ, સૈફી વિલા, પ્રાર્થના મંદિર, કીર્તિ સ્તંભ અને રાષ્ટ્રીય નમક સત્યાગ્રહ સ્મારકની મુલાકાત લીધી હતી. સૈફી વિલા ખાતે મહાત્મા ગાંધીજીની ઐતિહાસિક દાંડી યાત્રા સાથે જોડાયેલી ઘટનાઓ વિશે માહિતી મેળવી હતી. દાંડીના દરિયાકિનારે મીઠાના કાયદાના ભંગ સાથે સંકળાયેલા સ્થળની મુલાકાત પણ લીધી હતી.

રાષ્ટ્રીય નમક સત્યાગ્રહ સ્મારક ખાતે ગાંધીજી અને તેમના 79 સાથી સત્યાગ્રહીઓની પ્રતિમાઓ, ભીંતચિત્રો તથા ડિજિટલ પ્રદર્શન નિહાળીને પ્રવાસીઓ પ્રભાવિત થયા હતા. તેમણે દાંડીની ઐતિહાસિક ભૂમિને દેશભક્તિ, અહિંસા અને સ્વાતંત્ર્ય સંગ્રામની પ્રેરણાભૂમિ ગણાવી હતી. આ પ્રવાસનો હેતુ વિવિધ રાજ્યોના નાગરિકો વચ્ચે સાંસ્કૃતિક આદાનપ્રદાન વધારવા અને દેશના ઐતિહાસિક વારસાથી લોકોને પરિચિત કરાવવાનો છે. સ્થાનિક તંત્ર અને માર્ગદર્શકોએ પ્રવાસીઓને ઐતિહાસિક સ્થળોની માહિતી પૂરી પાડી હતી.

હેલ્મેટના બોક્સની આડમાં લઈ જવાતો લાખોનો વિદેશી દારૂ ઝડપાયો

દિવાળી પહેલા સાપુતારા બોર્ડર પર પોલીસની મોટી કાર્યવાહી

મહારાષ્ટ્રથી આવતી બોલેરોમાંથી ૪.૮૫ લાખથી વધુના વિદેશી દારૂ સાથે બે આરોપીઓની ધરપકડ, એક વોન્ટેડ જાહેર



સાપુતારા : આગામી દિવાળીના તહેવારોને ધ્યાનમાં રાખીને ડાંગ જિલ્લામાં કડક વાહન ચેકીંગ હાથ ધરવા માટે ડાંગ જિલ્લા પોલીસ અધિક્ષક પૂજા યાદવ દ્વારા આપવામાં આવેલી સૂચનાઓ અનુસાર, ડાંગ જિલ્લાના સાપુતારા પોલીસ સ્ટેશનનાં પી.આઈ.જે.કે. બારીયા અને પી.એસ. આઈ.બી. બી.પટેલની ટીમ સક્રિય બની છે.

સાપુતારા પોલીસ સ્ટાફનાં માણસો આંતરરાજ્ય બોર્ડર પર આવેલી સાપુતારા પોલીસ ચેકપોસ્ટ ખાતે વાહન ચેકીંગની કામગીરીમાં જોડાયેલા હતા. આ દરમિયાન મહારાષ્ટ્રથી આવી રહેલી એક બોલેરો મેક્સી ટ્રક (નં. HR-39-C-7412) ને પોલીસે શંકાના આધારે રોકી હતી. ટ્રકના પાછળના ભાગે ફાડામાં હેલ્મેટના બોક્સ ભરેલા જોવા મળ્યા હતા, પરંતુ જ્યારે સાપુતારા પોલીસે સઘન તપાસ કરી ત્યારે હેલ્મેટના આ બોક્સની આડમાં ગેરકાયદેસર અને કોઈપણ જાતના પાસ-પરમિટ વગર હરિયાણા, રાજસ્થાન તથા ચંદીગઢ રાજ્યની બનાવટનો વિદેશી દારૂ છુપાવવામાં આવ્યો હોવાનું બહાર આવ્યું હતુ. સાપુતારા પોલીસે ટ્રકમાંથી વિદેશી દારૂના ભરેલા ૧૦૩ બોક્સ (જેમાં ટીન બીયર તથા કુલ ૩૬૯૬ નંગ બોટલો, જેની કુલ ૧૦૬૪.૬૪ લિટર કિંમત રૂપિયા ૪,૮૫,૭૬૦ થાય છે) કબજે કર્યા હતા. આ દારૂની સાથેસાથે હેલ્મેટ ભરેલા ૧૪૦ બોક્સ (કિંમત રૂપિયા ૪૨,૦૦૦), બોલેરો મેક્સી ટ્રક (કિંમત રૂપિયા ૪,૦૦,૦૦૦) અને બે એન્ડ્રોઇડ ફોન (કિંમત રૂપિયા ૧૦,૦૦૦) મળીને કુલ રૂપિયા ૯,૩૭,૭૬૦ ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. સાપુતારા પોલીસે આ પ્રકરણે ગુનો નોંધી પ્રોહિબિશનનો કેસ શોધી કાઢ્યો છે.

આ કેસમાં સાપુતારા પોલીસે બે આરોપીઓ (૧) સચિન ખીરચી અને (૨) ધરમવીર ખાતીની ધરપકડ કરી સીતારામ ને વોન્ટેડ જાહેર કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

દમણમાં સરદાર પટેલની જન્મજયંતિ નિમિત્તે રક્તદાન શિબિરનું આયોજન

દમણ : સંઘપ્રદેશ દમણમાં સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિની ઉજવણીના ભાગરૂપે ડાભેલ પોલીસ મથકે રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં વિવિધ ઉદ્યોગોના કામદારોએ પણ સ્વૈચ્છિક રક્તદાન કરી માનવસેવાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. શિબિર દરમિયાન ઉપસ્થિત મેડિકલ સ્ટાફ અને તબીબોએ રક્તદાતાઓને જરૂરી માર્ગદર્શન આપી રક્તદાનની પ્રક્રિયા સુચારુ રીતે પૂર્ણ કરાવી હતી. આ પ્રસંગે રક્તદાન કરનાર તમામ દાતાઓને પ્રમાણપત્ર એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા.

નવસારીના મિથિલા નગરીમાં રસ્તાનું કામ અધૂરું

નવસારી મનપાના વોર્ડ નં. 4નો પ્રશ્ન કમિશનર સમક્ષ પહોંચ્યો

કામમાં વિલંબનું કારણ અને કામગીરી પૂર્ણ કરવાની સમયમર્યાદા જાહેર કરવા રજૂઆત



નવસારીઃ શહેરના વોર્ડ નં. 4માં આવેલા મિથિલા નગરી વિસ્તારમાં રસ્તાની કામગીરી લાંબા સમયથી અધૂરી રહેતાં સ્થાનિક રહીશોને પડતી મુશ્કેલીઓનો મુદ્દો હવે મહાનગરપાલિકાના વહીવટી તંત્ર સમક્ષ પહોંચ્યો છે. વિસ્તારના કોર્પોરેટર પ્રભા વલસાડીયાએ મ્યુનિસિપલ કમિશનરને પત્ર પાઠવી રસ્તાનું કામ વહેલી તકે પૂર્ણ કરાવવા માટે રજૂઆત કરી છે.

પ્રભાબેન વલસાડીયાના જણાવ્યા અનુસાર, મિથિલા નગરીમાં છેલ્લા છ મહિનાથી રોડ બનાવવાનું કામ અધૂરું છે. કામગીરી પૂર્ણ ન થવાને કારણે સ્થાનિક રહેવાસીઓ તેમજ આ માર્ગનો ઉપયોગ કરતા વાહનચાલકો અને રાહદારીઓને અવરજવરમાં મુશ્કેલી પડી રહી છે.

ખાસ કરીને બાળકો અને વૃદ્ધોને પણ રોજિંદી અવરજવર દરમિયાન અગવડતા સહન કરવી પડે છે. આ પરિસ્થિતિનો વહેલી તકે ઉકેલ આવે તે જરૂરી હોવાનું તેમણે રજૂઆતમાં જણાવ્યું છે. કોર્પોરેટરે મનપા તંત્ર પાસે કામ અધૂરું રહેવાનાં કારણોની સ્પષ્ટતા કરવા સાથે કામગીરી ક્યારે ફરી શરૂ થશે અને કઈ તારીખ સુધીમાં પૂર્ણ કરવામાં આવશે તેની સમયમર્યાદા નક્કી કરવાની માંગ કરી છે. જો તપાસ દરમિયાન કામગીરીમાં કોઈની બેદરકારી સામે આવે તો નિયમોનુસાર પગલાં લેવા પણ તેમણે જણાવ્યું છે.

શહેરના વિસ્તારોમાં રસ્તા જેવી પાયાની સુવિધાઓ સમયસર ઉપલબ્ધ થાય તે નાગરિકોની અપેક્ષા છે. ત્યારે મિથિલા નગરીના રસ્તા અંગે કરવામાં આવેલી રજૂઆત બાદ મહાનગરપાલિકા દ્વારા શું કાર્યવાહી કરવામાં આવે છે અને સ્થાનિકોને રાહત ક્યારે મળે છે તે જોવું રહ્યું.